# લોકસંચલન

લોકસંગઠન દ્વારા ગ્રામવિકાસના કાર્યોને વાચા આપતું ત્રિમાસિક મુખપત્ર.

વર્ષ : ૬ અંક–૨ એપ્રિલ– જૂન ૨૦૦૭ ફક્ત અંગત વિતરણ માટે



## પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે સ્થાનિક સ્ત્રોતોનું મહત્વ

**શ્રી.વી.એસ.ગઢવી**
**સચિવશ્રી પા.પુ.ગ.વ્ય.બોર્ડ–ગાંધીનગર**

પરમ પૂજ્યનીય શ્રી.રવિશંકર મહારાજે આપણા ગુજરાત રાજ્યના સ્થાપના દિન નિમિત્તે દીપ પ્રગટાવતાં એ ઐતિહાસિક દિશાસૂચન કર્યું કે રાજ્યના પાયાના પ્રશ્નોના ઉકેલ માટે સ્થાનિક લોકો અગ્રેસર રહે તો જ આ પ્રશ્નોના કાયમી અને અસરકારક ઉકેલ મળે. આ સમસ્યા શિક્ષણનો વ્યાપ તથા ગુણવત્તા વધારવાની હોય, આરોગ્ય અંગેની સમજદારી કેળવવાની હોય કે શુદ્ધ પીવાના પાણીના વિવેકપૂર્ણ ઉપયોગ તેમજ તેના બિનજરૂરી બગાડને અટકાવવાની હોય, માત્ર સરકાર પર આ બાબતો સંપૂર્ણપણે છોડી દેવાથી સ્વસ્થ સમાજનું નિર્માણ થતું નથી. આ સમસ્યાઓના ઉકેલમાં લોકોનો સક્રિય સહયોગ હોવો અનિવાર્ય છે. જો કે આપણા સામાજિક જીવનમાં આ બાબત નવી કે અજાણી નથી. ઘણા ગામો–નગરોમાં લોકસહયોગથી બનેલા શિક્ષણ, આરોગ્ય તથા જળના અડીખમ સ્મારકો આજે પણ ટક્યાં છે અને વિકસ્યાં છે. કટોકટીભર્યા સંજોગોમાં ઉપર્યુક્ત ક્ષેત્રોમાં મળેલ પ્રચંડ લોકસહયોગ આ વાતની સાક્ષી પૂરે છે. ક્યારેક ક્યાંક એવું પણ જોવા મળે છે કે લોકો આ સમસ્યાઓના ઉકેલ માટે નિષ્ક્રીય અથવા પરાવલંબી વલણ દાખવતાં હોય. આવી પરિસ્થિતિમાં જો વિશ્વાસપૂર્વક તેમને સ્વયં નિર્ણય કરવાની સત્તા અને જવાબદારી સોંપીને રાજ્ય કેવળ સહાયકની ભૂમિકા સક્રિય રીતે ભજવે તો લોકો જ પોતાના પાયાના પ્રશ્નોનો ઉકેલ આશ્ચર્યજનક ગતિ ને અસરકારક રીતે ખોળી કાઢે છે. સમસ્યાઓના ઉકેલ માટેની લોકોની આવી મૌલિક પદ્ધતિઓ અનુભવી વહીવટીકર્તાઓને પણ માર્ગદર્શકરૂપ બની રહે તેવી નાવીન્યપૂર્ણ હોય છે.

આ વર્ષની તા.૨૨મી માર્ચ પણ આવી જ બાબતે ચર્ચાનો વિષય બનીને સૌ માટે ધ્યાનાકર્ષક બની રહી. આમ તો તા.૨૨ મી માર્ચ દુનિયાભરમાં વિશ્વ જળ દિન તરીકે ઉજવાય છે પરંતુ પારંપરિક ઉજવણીઓ ઘણીવાર માત્ર એક વિધિ બનીને રહી જાય છે. વાસ્મોએ આ વર્ષે ઘોઘા, ભાવનગર તથા તળાજા તાલુકામાં પાણીના પ્રશ્ને થયેલા સફળ પ્રયાસોની પાણીદાર વાત રાજ્યના લોકો સમક્ષ મૂકવાનું નક્કી કર્યું. આ તાલુકાઓના ૮૨ ગામોના આગેવાનો તથા પાણી સમિતિના સભ્યો ઉત્સાહભેર ભાવનગર કલેક્ટર કચેરીમાં એકઠા થયાં.જેમને જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓએ હોંશભેર આવકાર્યા. ૮૨ ગામોના લોકોનો ઉત્સાહ પણ સકારણ હતો. એક તો તેમણે સૌને માર્ગદર્શકરૂપ બને તેવું પીવાના પાણી અંગે પાયાનું કામ કર્યું હતું અને બીજું કે આજે તેમની સાથે રાજયના માનનીય શ્રી. મુખ્યપ્રધાન પ્રત્યક્ષ વાત કરવાના હતા. રાજ્ય સરકારની જીસ્વાન સવલતને કારણે ગાંધીનગર થી ભાવનગર વચ્ચેનું અંતર બાધારૂપ બન્યું નહીં.શ્રી.મુખ્યપ્રધાને આ લોકપ્રતિનિધિઓ સાથે વાત કરી તેઓને પાણીના પૂજારીઓ કહીને બિરદાવ્યાં. તેઓએ એવી અભિલાષા વ્યક્ત કરી કે ગામેગામ આ પ્રકારના પાણીના પૂજારીઓની સેના રચાય. વધુમાં તેમણે જણાવ્યું કે તેઓ પાણીના પ્રશ્નના કાયમી ઉકેલ માટે સક્રિય બને તો આ ક્ષેત્રમાં ટૂંક સમયમાં ચમત્કારિક પરિણામો હાંસલ કરી શકે. મુખ્યપ્રધાને આ પ્રયત્નમાં રાજ્ય સરકારની સક્રિય ભાગીદારીની ખાત્રી આપી. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા પાણી પુરવઠા વિભાગનાં પ્રધાન નરોત્તમભાઇ પટેલે તથા હરજીવનભાઇ પટેલે પણ ૮૨ ગામોના સ્થાનિક લોકોએ આયોજનબદ્ધ રીતે સફળતાપૂર્વક કરેલી કામગીરીની પ્રશંસા કરી રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ આ જ પ્રકારે પ્રયાસો કરવા અંગેનો રાજ્ય સરકારનો નિર્ધાર વ્યક્ત કર્યો.મુખ્યપ્રધાને આ પ્રયત્નમાં રાજ્ય સરકારની 'ઉત્થાન', 'મેધાવી' તથા 'પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર' તરફથી આ યોજનાના અમલીકરણમાં જે સક્રિય યોગદાન આપવામાં આવ્યું છે તે ખૂબ જ નોંધપાત્ર છે. મિત્રો, આ ૮૨ ગામોમાં નેધરલેન્ડ સરકારના આર્થિક સહયોગ અને લોકભાગીદારીથી પૂર્ણ થયેલી પાણી અંગેની કામગીરી ખરા અર્થમાં પ્રેરક બની રહે તેવી છે. તેમણે પીવાના પાણી માટે અને પાણીના સંગ્રહ માટે ઊભી કરેલી વ્યવસ્થાનો લાભ પણ લગભગ બે લાખની વસ્તીને મળતો થયો છે. આ લોકોએ આશરે ૧૨૫ જેટલા જળસિંચાઇના કામો અને ૧૫૦ જેટલા કૂવાઓ રિચાર્જ કરીને પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે સ્થાનિક સ્રોતોનું કેટલું મોટું મહત્વ છે અને તેની જાળવણી કેટલી અગત્યની છે ? તેનું એક જવલંત ઉદાહરણ સમાજ સમક્ષ રજૂ કર્યું છે. ગામમાં પાણીના સંગ્રહ તથા વિતરણ માટે સમગ્ર વ્યવસ્થા ઊભી કર્યા પછી તેના કાયમી નિભાવ માટે જરૂરી વહીવટી વ્યવસ્થા પણ પાણી સમિતિના માધ્યમથી ઊભી કરવામાં આવી છે. દરિયાકિનારે વસેલા અને પીવાના પાણીની કાયમી ધોરણે મુશ્કેલી ભોગવતાં ૮૨ ગામોમાં લોકોએ પોતાની સૂઝ અને નિષ્ઠાથી આ કામ કરી બતાવ્યાં છે. તેમના આ ભગીરથ પ્રયાસોની સફળતાનો સંદેશ તે ' વિશ્વ જળ દિન' નિમિત્તનો સૌથી પ્રભાવી અને પ્રેરણાદાયી સંદેશ બની રહ્યો.

સૌજન્ય : જળસેવા
લોકશિક્ષણ કેન્દ્ર પાણી અને સ્વચ્છતા સંકલન ટીમ

---

તમને જોયા છે ત્યારથી, આ દિલ મારું રહ્યું નથી,
તળમાં નદીમાં કે કુવામાં, પાણી જરાય રહ્યું નથી.

તમારી આંખ, આ અધર, ખુદ એક શરાબ છે,
પાણીની મુશ્કેલી અપરંપાર, તેથી તબિયત પણ ખરાબ છે.

શરાબખાને શાને જવું, તમારા પ્રેમનો નશો જ બસ છે,
આ વિકટ પરિસ્થિતિમાં તો રોજનું એક ટેન્કર જ બસ છે.

તમારા અંગ મરોડ ને નશીલા બદનની મદહોશી છે,
પાણીની યોજના કરો, નહીંતર તમારી નામોશી છે.

પ્રેમનો એકરાર કરો, નહીંતર દેવદાસનો વેશ છે,
પાણી આપો પછી જ તમને આ દિલમાં પ્રવેશ છે.

– શ્રી. બિરેન દલાલ

---

**પ્રતિભાવો :**

લોકસંચલન ત્રિ–માસિક મુખપત્રનો જાન્યુઆરી–માર્ચ '૦૭નો અંક મળ્યો. આ અંકમાં સમાયેલા મુદ્દાઓ જેવાં કે પ્રો.મહંમદ યુનુસજીનું માઇક્રોફાઇનાન્સ, શ્રી મુસ્તાક ડેરૈયાનું "આવે છે મને યાદ" તે ગીત, ગામના પ્રશ્નો માટે સતત ઝઝૂમતા રેશ્માબહેન તથા સમસ્યાઓ અને ઉકેલ જેવા લેખો ઘણાં માહિતીસભર રહ્યાં. એક નાનકડો અંક જાણે સાગર જેટલી વિશાળ માહિતી ધરાવવાની ક્ષમતા રાખતો હોય તેવી ભાવના અહીં જોવા મળી. એક સુંદર માહિતીસભર અંક માટે સંપાદક ટુકડી તથા સંકલન ટીમને ખૂબ ખૂબ અભિનંદન. સદાય ઉત્તમ અને યથાર્થ માહિતીનો ખજાનો વિશાળ જન સમુદાય માટે આપ સૌ તૈયાર કરી વહેંચતા રહો એ જ અભ્યર્થના સહ શુભાશિષ. અંક મોકલવા બદલ ખૂબ ખૂબ આભાર.

– ઇશ્વરભાઇ પટેલ, સફાઇ વિદ્યાલય

સત્કર્મો વિનાનું જીવન પાણી વિનાના કૂવા જેવું છે

## ક્રમશઃ(માઇક્રોફાઇનાન્સની વધતી સ્વીકાર્યતા)

ભારતને સંબંધ છે ત્યાં સુધી ભારતે સ્વસહાય જૂથ(એસએચજી) મારફતે માઇક્રો -ફાઇનાન્સનો અમલ કરવાની પદ્ધતિ અપનાવી છે અને 'નાબાર્ડ'ને આને લગતી કામગીરી સોંપી છે. રિઝર્વ બેંકના સન ૨૦૦૫-૦૬ ના વાર્ષિક અહેવાલ મુજબ બેંકો સાથે જોડાયેલા સ્વસહાય જૂથોની સંખ્યા ભારતમાં બાવીસ લાખની હતી અને આ સ્વસહાય જૂથોને બેંકોએ રૂ.૧૧૩૯૮ કરોડ રૂપિયાનું ધિરાણ આપ્યું હતું. ઈ.સ.૨૦૦૬-૦૭ ના અંદાજપત્રમાં બીજા ૩.૮૫ લાખ સ્વસહાય જૂથોને બેન્કનું ધિરાણ આપવાનું લક્ષ્યાંક રખાયું હતું.દેશના પ્રમુખ અંગ્રેજી દૈનિકપત્રમાં આપેલ વિગત મુજબ માર્ચ ૨૦૦૫ સુધીમાં બેન્કોએ સ્વસહાય જૂથોને પાંચ હજાર કરોડનું ધિરાણ આપ્યાના અહેવાલ છે અને એ અહેવાલે એમ પણ જણાવ્યું છે કે ભારતમાં દર કલાકે ૪૦૦ મહિલાઓ સ્વસહાય જૂથમાં જોડાય છે.

સ્વસહાય જૂથોની આવડી મોટી સંખ્યા અને બેન્કો દ્વારા અપાયેલા આટલા ધિરાણ પછી પણ ભારતમાં માઇક્રોફાઇનાન્સનો ગરીબી નાબૂદીના શસ્ત્ર તરીકે હજુ પણ સ્વીકાર થતો નથી કારણ કે સ્વસહાય જૂથ દીઠ સરેરાશ ધિરાણ માત્ર રૂ.૩૪૫૦ છે. વળી એ તો સમજી શકાય તેવી બાબત છે કે આટલા ઓછા ધિરાણથી આખા જૂથની ગરીબી નિવારવી લગભગ અશક્ય છે. બીજી રાતે કહીએ તો, આટલા ઓછા ધિરાણથી એક જૂથની ગરીબીનો અંત લાવવામાં લાંબો સમય લાગશે. માઇક્રો ફાઇનાન્સને ગરીબી નાબૂદીના શસ્ત્ર તરીકે વ્યાપક બનાવવા ભારતે અંદાજે રૂ.બે લાખ કરોડ જેટલું ધિરાણ આપવું જરૂરી જણાય છે. ટૂંકમાં ભારતે આ દિશામાં ઘણું કરવાનું બાકી છે.રાજયના વડોદરા શહેરની 'મહિલા અંત્યોદય કેન્દ્ર' નામની સંસ્થાએ કરેલા એકંદરે કુલ રૂ.ત્રણ કરોડના ધિરાણની સરેરાશ ? રૂ.ચાર હજાર છે અને તેર વરસના માસિક ધિરાણની સરેરાશ માસિક વસૂલાત પંચાણું ટકા ઉપર રહી છે પણ બધાં કુટુંબોને ગરીબીની રેખા ઉપર લાવવાનું શક્ય બન્યું નથી.

આવી ઝીણી ઝીણી વિગતો બાજુએ મૂકીએ તો એક વાતનો બધાએ સ્વીકાર કરવો પડ્યો છે કે માઇક્રો ફાઇનાન્સના પ્રો.મહમ્મદ યુનુસના વિચારના પ્રસાર અને બાંગ્લાદેશની સફળતાઓએ ગરીબી નાબૂદીના વિચારને બળ અને એક અસરકારક હથિયાર પૂરું પાડ્યું છે. વૈશ્વિકરણ અને ઉદારીકરણવાળા ઝડપી વિકાસના યુગમાં વિકાસના પરિઘની બહાર છૂટી જતા ગરીબો માટે પ્રો.મહમ્મદ યુનુસે એક આશાનું કિરણ જન્માવ્યું છે એમાં શંકા નથી.

પ્રો.યુનુસનો આ પાછળનો સામાજિક હેતુ નફા કે ડિવિડન્ડ માટે નહીંએવા ઉદ્યોગધંધાની કલ્પના અને સાકાર કરવા માટે આદરેલા પુરુષાર્થરૂપ હતો. જે એક અર્થમાં ગાંધીની ઉદ્યોગમાંની ટ્રસ્ટીશિપની કલ્પનાના નવા સ્વરૂપ જેવી લાગે છે.

ભારતની સંસદમાં માઇક્રો ફાઇનાન્સ આપતી સંસ્થાઓની કામગીરીનું મોનિટરિંગ કરવા એક વિધેયક લવાઇ રહ્યું છે. ભારતની બેંકો હજુ ખુલ્લા મને ગરીબોને કે ખેડૂતોને ધિરાણ આપવામાં માહેર બની નથી પરંતુ એ પહેલાં ભારતની જૂનવાણી રીત પ્રમાણે સરકાર એનું નિયમન કરવા વિચારે એ સ્વાભાવિક છે. આ ઉપરાંત આઇ.સી.આઇ.સી.આઇ. બેંકે માઇક્રો ફાઇનાન્સ માટે કરેલા ઝડપી અને મોટા પાયાના ધિરાણ માટે પણ રિઝર્વ બેંકે એના લાભાર્થીની ઓળખ અને વ્યાજબીપણાની ચકાસણી કરવાનો આદેશ આપ્યો છે.

એક બીજી વાત અહીં ખાસ નોંધવા જેવી છે કે વિશ્વભરમાં પ્રો.યુનુસને આટલો વિશાળ આવકાર અને ગ્રામીણ બેંકને જબ્બર સફળતા મળવા છતાં બાંગ્લાદેશના રાજકીય પક્ષો હજુ એમને કે એમના વિચારને ખુલ્લામને સાથ આપતા નથી. એક રીતે આને રાજકીય પક્ષોની કમનસીબી ગણી શકાય.રાજકીય પક્ષોના આવા વલણના બે જ અર્થ નીકળે - એક કે, રાજકીય પક્ષોને ગરીબી નાબૂદીમાં મૂળભૂત રીતે રસ નથી કે એ માટેની એમની પ્રતિબદ્ધતા નથી, બીજું કે એમને માઇક્રો ફાઇનાન્સ મત મેળવવાના હથિયારરૂપ લાગતું નથી. દિલ્હીમાં પ્રો.યુનુસના સન્માન વેળાએ શ્રી.સોનિયા ગાંધીએ એમના વિચારોની દિલ ભરીને પ્રશંસા કરી હતી. હવે એ જોવાનું રહે છે કે એમાં કેટલા કાર્યાન્વિત થાય છે?

સૌજન્ય : દિવ્યભાસ્કર દૈનિકપત્ર

## ખારા પાણીનો મીઠો ઉકેલ : લોકશક્તિ

અમારુ ગામ : અમારુ ગામ દરિયા કિનારે વસેલું છે. એક એવી વાયકા છે કે પહેલાંના સમયમાં અમારા ગામના દરિયાકિનારે વીરડા ખોદવાથી મીઠું પાણી મળી રહેતું બસ આની ઉપરથી અમારા ગામનું નામ મીઠી વીરડી પડ્યું હતું.

એક નજર અમારા ભૂતકાળ તરફ : એક નજર અમારા ગામના ભૂતકાળ તરફ : અમારા ગામમાં પરિસ્થિતિ એવી ઉભી થઇ કે મીઠા પાણી માટે મીઠી વીરડી મેળવવી દોહ્યલી બની ગઇ.ગામ દરિયાકિનારે વસેલું હોવાથી દરિયાનું પાણી જમીન ઉપર ધસી આવે અને જે સ્થળે ભેંસુવડી નદી દરિયાને મળે છે ત્યાં ભરતીના સમયમાં દરિયાનું પાણી ઘૂસી જતાં નદીનું મીઠું પાણી પણ ખારું થઇ જતું.

આ રહી અમારી સફળતાની ગુરુચાવી : પીવાના મીઠા પાણી માટે બહેનોએ છેક જસપરા અને ખદડપર ગામની વાડીઓ સુધી લાંબા થવું પડતું. ગામના આગેવાનો પાણીની આવી મુશ્કેલી કેમ કરી ટાળવી? તે વિચારતા હતાં. થોડા સમય પહેલાં એક અખતરો કરવા અમે નદીના નાળા પાસે એક પાળો બાંધ્યો, એમાં મીઠું પાણી રોકાતાં પાસેની વાડીઓને પાણી મળતું થયું આથી અમે દરિયાકિનારે ભરતીના પાણીને રોકવા ચેકડેમ બાંધવાનું નક્કી કર્યું. ગામની પાણી સમિતિએ આ ભરતીના પાણીને રોકવા માટેના ચેકડેમનું કામ હાથ પર લીધું. બાંધકામનો કુલ ખર્ચ રૂ.૧૪ લાખ જેટલો અંદાજવામાં આવ્યો. જેમાંથી રૂ.૫૦,૦૦૦ જેટલો લોકફાળો એકઠો મળ્યો અને બાકીની રકમના બદલામાં ગામ લોકોએ શ્રમદાન કર્યું.

અમે જ્યારે ચેકડેમનો પાયો નાખ્યો ત્યારે જોનાર લોકો કહેતા કે અહીંયાં ચેકડેમ થાય જ નહીં, પણ અમને અમારી ઉપર વિશ્વાસ હતો. દરિયાનું ખારું પાણી કાઢવા રાત દિવસ બે એન્જીન ચાલુ રાખ્યાં. આગળ મોટો ખાડો કર્યો અને એ ખાડામાં ખારું પાણી જમા થઇ ગયું અને ખાડાની પાછળ અમે કામ શરૂ કર્યું. દરિયાની બિલકુલ પાસે એક બોરીબંધ કર્યો જેથી ભરતીનું જોર ઓછું થાય અને ખારું પાણી આવતું અટકે. આ રીતે ૭૬ મીટર લાંબા અને ૮ મીટર પહોળા ચેકડેમનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું . લોકફાળો આપવામાં જો કોઇ આનાકાની કરે તો સમજાવતાં કે ભગવાનની આરતી માટે પાંચસો રૂપિયા આપો છો તો પાણી માટે પચાસ રૂપિયા નહીં આપો? તમારા બાળકની આવતી કાલ સુધરે એ માટે તમારે આ પૈસા આપવાના છે.આમ, મક્કમ મનોબળ અને હિંમતથી મીઠી વીરડી ગામે મહેરામણને નાથ્યો.

પાણીદાર ભવિષ્ય તરફ : ચેકડેમના સારાં ફળ આજે અમારું ગામ ભોગવતું થયું છે. આ કાર્યક્રમથી ગામમાં લોકભાગીદારીયુક્ત વિકાસની શરૂઆત થઇ જેના પરિણામરૂપે ગામલોકોએ પોતાની જાતે દરેક ઘરમાં ભૂગર્ભ ટાંકીઓ બનાવી અને વરસાદી પાણીનો સંગ્રહ થાય તેવી વ્યવસ્થા કરી અને ગામના તળાવને પણ ઊંડું કરવામાં આવ્યું છે. ચેકડેમને કારણે ગામમાં દરિયાનું પાણી આવતાં અટક્યું છે. આના કારણે ગામના અને વાડી વિસ્તારના અન્ય પાણીના સ્ત્રોતોના સ્તર ઊંચા આવ્યાં છે અને પાણીની ગુણવત્તા પણ સુધરી છે. મીઠી વીરડી ગામે આત્મસૂઝ અને મક્કમ મનોબળથી પાણીની તકલીફને દૂર કરવા ખુદ મહેરામણને પાછો વાળ્યો.

'અડગ મનના મુસાફરને હિમાલય નથી નડતો' તે ઉક્તિને અમારા ગામે ખરેખર સાર્થક કરી બતાવી છે. પાણી પુરવઠા યોજનાનું આયોજન અમે કર્યું તો એનાં સંચાલન, મરામત અને નિભાવની જવાબદારી પણ અમારી જ હોય ને? એટલા માટે જ ગામની પાણી પુરવઠા યોજનાની મરામત અને નિભાવ માટે ફાળો એકઠો કરવામાં આવ્યો અને તકેદારી રાખવામાં આવી કે ગામની દરેક વ્યક્તિ તેમાં યોગદાન આપે જેથી માલિકીપણાની ભાવના પેદા થાય. ત્યારબાદ ગામલોકો દ્વારા આ રકમ પાણી સમિતિના ખાતામાં જમા કરાવેલ.

અમારો લોક ફાળો : પાણી પુરવઠા યોજનાની મરામત અને નિભાવ માટે રૂ.૭૪૦૫૮ નો લોકફાળો ગામ લોકો દ્વારા પાણી સમિતિના ખાતામાં જમા કરાવેલ છે. જે લગભગ સો ટકા જેટલો છે. આ માટે ઘરદીઠ વાર્ષિક રૂ.૧૫૦ ઉઘરાવવામાં આવે છે.

આ યોજનાનો કુલ ખર્ચ : આ યોજનાનો કુલ ખર્ચ રૂ.૮૦૧૬૫૨૧ છે જેમાં અમારો ફાળો રૂ.૪૫૨૯૯૫ છે.
સૌજન્ય : વાસ્મો સંકલન ટીમ: પી.એલ.સી.વોટસેન

## તાલીમના અનુભવો :

આ પ્રાદેશિક કાર્યક્ષેત્રની ચારેય તાલીમો પ્રમાણમાં સફળ રહી હતી. જે દરમિયાન નીચે મુજબના અનુભવો થયા હતાં.

રીજનલ સેન્ટર અને સાથી સંસ્થાઓનું સક્રિય ફોલોઅપ કરવા છતાં સંસ્થાઓનો એ પ્રશ્ન રહે છે કે જુદા જુદા કારણોસર તાલીમમાં તેઓના દરેક સભ્ય હાજર રહી શકતા નથી.

- તેઓ સમિતિ નિદર્શન કેવી રીતે તૈયાર કર્યું તેની રજૂઆત વિસ્તારથી રસપૂર્વક કહેતા હતાં પરંતુ જ્યાર તેની દેખરેખ, જાળવણીની વાત આવતી ત્યારે તેઓને પર્યાપ્ત રસ રહેતો ન હતો.
- પાણી સમિતિનું સક્ષમ બનવું એ એક લાંબી કાર્ય પ્રક્રિયાના સફળ પરિણામરૂપ છે. આ માટે સતત ફોલોઅપ તથા તાલીમ અનિવાર્ય છે.
- સાથી સંસ્થાઓના નિદર્શન થયા બાદ તેઓ સક્રિય ભૂમિકા ભજવતી નથી આ માટે તેઓને સતત માર્ગદર્શન આપવાની જરૂર છે.
- આ તાલીમથી જનડા ગામની બહેનોએ શોષખાડા બનાવવાની તથા સ્વચ્છતા જાળવવાની જવાબદારી સ્વીકારી છે. જનડામાં હમણાં ચૂંટણી થઇ છે. નવા સરપંચ આ તાલીમમાં જોડાયા હતા તેઓએ આ કાર્યને આગળ વધારવા માટે જરૂરી સહકાર આપવાની ખાત્રી આપી છે.
- પાંચ તલાવડા ગામમાં પાણી સમિતિ સક્રિય છે. તેઓએ નિદર્શન પછી ૬ લાખના ખર્ચે તળાવ ઊંડું કરાવ્યું છે તથા નિર્મળ ગામ બનાવવાની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે.
- ગાંજાવદર ગામમાં તાલીમ થઇ શકી ન હતી જ્યાં ઉત્થાન સંસ્થાએ પછીથી તાલીમ આપી છે.
- રે ડા ગામમાં તાલીમ બાદ હવે જાગતિ આવી હોવાથી હવેથી તેઓ સમિતિની બેઠક નિયમિતપણે કરશે. પાણી સમિતિને બંને વસ્તુનું મહત્વ સમજાયું છે.
- તાલીમ દરમિયાન ભાઇઓ–બહેનોની હાજરી સરખી હતી પરંતુ વધુમાં વધુ બહેનો નિર્ણય પ્રક્રિયામાં જોડાય એ જરૂરી છે.
- તાલીમ દરમિયાન પાણી સમિતિના સભ્યો સ્વીકારતા હતાં કે પાણીની દેખરેખ તથા જાળવણી અંગેની જવાબદારી અમારી છે પરંતુ તે તેમનાથી કેવી રીતે થઇ શકશે? એ બાબતે તેઓ ચિંતિત હતાં.
- તાલીમમાં ફક્ત ભાષણબાજી ન હતી પરંતુ જૂથચર્ચા, વ્યક્તિગત રજૂઆત, એલ.સી.ડી.નો ઉપયોગ થતો હતો જેથી લોકોનો રસ જળવાઇ રહેતો હતો.
- તાલીમ દરમિયાન લોકોએ સ્વીકાર્યું કે અમુક ચોક્કસ સમયાંતરે તાલીમો થતી રહેવી જોઇએ જેથી જરૂરી માર્ગદર્શન મળતું રહે.
- તાલીમ એ ખરેખર તો લોકોની તથા સમિતિની માનસિકતા બદલવાની પ્રક્રિયાના મા યમરૂપ છે જેનું પરિણામ તાત્કાલિક મળતું નથી.
- તાલીમ દરમિયાન લોકોને તેમના અનુભવો કહેવાની તક મળતાં તેઓએ વિગતવાર પોતાના અનુભવોની રજૂઆત કરી હતી અને આમ તેઓ જાહેરમાં બોલતા થયાં છે.
- તાલીમ દરમિયાન નિદર્શનના હેતુ તથા સ્વાવલંબન અંગે સતત વિચાર– વિમર્શ થતો રહેતો હતો.
- તાલીમ દરમિયાન એ અનુભવાયું કે લોકો આ દિશામાં વિચારતા થયાં છે અને તેઓ આ વ્યવસ્થાને ટકાવી રાખવા પ્રયત્નશીલ છે.
- પાણી સમિતિ લોકફાળા તથા પાણીવેરા બાબતે હજુ સ્પષ્ટ નથી તથા આ બાબતે તેઓએ કોઇપણ જાતની પહેલ કરી નથી જે માટે ફોલોઅપ કરવાની જરૂર છે.
- પાણી સમિતિના સભ્યોની ક્ષમતાવર્ધન માટે રીજનલ સેન્ટર તથા સાથી સંસ્થાઓ તરફથી નિયમિત પ્રયત્નો, તાલીમો તથા કાર્યક્રમો કરવાની જરૂર છે.
- તાલીમ બાદ લોકો સરકારી યોજનાનું અમલીકરણ તથા નિદર્શન અને કાર્ય–પ્રક્રિયા વચ્ચેનો તફાવત સમજતા થયાં છે તથા તેઓ સ્વીકારે છે કે નિદર્શન આપણું છે અને આપણે જ સાચવવું પડશે.

પાણી સમિતિ સક્ષમ હશે તો જ તે ગામમાં પાણી અને સ્વચ્છતાનું વ્યવસ્થાપન કરી શકશે એ એક નક્કર હકીકત છે જે ધ્યાનમાં રાખીને નિદર્શનની પાણી સમિતિઓને દેખરેખ તથા જાળવણી વિષયક તાલીમો આપવાની પ્રવતિઓ હાથ ધરી છે જેમાં ઉપરોક્ત અનુભવો થયાં. આ ધ્યાનમાં રાખીને દરેક જગ્યાએ આ પ્રકારની તાલીમો કરવામાં આવશે.

અરવિંદકુમાર પનોત
રીજનલ કો–ઓર્ડિનેટર, પ્રવાહ સૌરાષ્ટ્ર–ર

## મારો હ મને મળ્યો

મને મળ્યો મારો હ ..............

દરબાર ાતિના શ્રી.ઇલાબહેન રાજુલાના વતની છે. તેમના લગ્ન જુનાગઢ જીલ્લાના વિસાવદર તાલુકાના સરસાઇ ગામે થયા હતા. લગ્નજીવન દરમિયાન બહેનને એક પુત્ર અને બે પુત્રીઓ જન્મી હતી. કુંટુંબના ભરણપોષણ અર્થે કામની શોધમાં ઇલાબહેન અને તેમના પતિ રાજુલામાં આવીને વસ્યાં. અહીં તેઓ ભડીયામાં કામે જતાં. તેમના પતિને દારૂનું વ્યસન હતું. એક દિવસ કોઇ અગમ્ય કારણસર બહેનના પતિનું મત્યુ થતાં બહેન વિધવા થયા.આથી તેઓ પોતાના બાળકોને લઇને તેમના સાસરે રહેવા જતા રહ્યાં. ત્યાં બહેનને પતિના વારસારૂપે ૩પ વિઘા જમીન મળી હતી. જે તેમના સસરા અને જેઠ વાવતા હતાં. જેનું શરત મુજબનું દસ્તાવેજીકરણ પણ થયેલું હતું.આથી બહેનનું કાસળ કાઢી તેમની જમીન હડપ કરવાનો તેમના સાસરીયાંએ પ્લાન કર્યો. આ માટે બહેન અને તેમના સંતાનોને જીવતા સળગાવી મારી નાખવા એવું નક્કી થયું. આ વાત ઇલાબહેનની દીકરી સાંભળી ગઇ. એકવાર બહેન અને તેમના સંતાનોને ઘરમાં પૂરી બહારથી સાંકળ વાસી દેવામાં આવી.ઘરમાં પૂરાયેલાં ઇલાબહેને બૂમ પાડી પાડોશીઓને આ વાતની જાણ કરતાં તેઓએ આ સમાચાર તેમના પિતાજીને પહોંચાડયાં. આથી તેઓ તેમને તથા બાળકોને રાજુલા લઇ આવ્યા.બહેનના પિતાજીની આર્થિક પરિસ્થિતિ વિકટ હોવાથી ઇલાબહેને મહિલા વિકાસ સંગઠન રાજુલાની ન્યાય સમિતિમાં પોતાનો હક્ક મેળવવા માટે કેસ દાખલ કર્યો. ન્યાય સમિતિના અથાક પ્રયત્નો છતાં બહેનના સાસરિયાં હાજર રહ્યાં નહિ અને ઉલટાંની તેઓએ તેમને ધમકી આપી કે," અમારી ઉપર કામ ચલાવી જુઓ". દરબાર ાતિમાં પણ આ પ્રશ્ન ખૂબ ચર્ચાયો પણ સામાવાળા ખૂબ જ માથાભારે હોવાથી આ બાબતે કોઇ કંઇ કરી શકે તેમ ન હતું. આથી ન્યાય સમિતિના બહેનો રૂબરૂ તેમને મળવા સરસાઇ ગામે જવા નીકળ્યાં પણ વિસાવદરથી કોઇ ખાનગી વાહનવાળા સામાવાળાની માથાભારે છાપને લીધે તે ગામે મૂકવા આવવા તૈયાર થતા ન હતા.આના ઉકેલરૂપે ન્યાય સમિતિના એક બહેને છકડાવાળાને બહાનું બતાવ્યું કે તે સરસાઇ ગામે રહેતી પોતાની બહેનને મળવા જાય છે આ સાંભળી એક છકડાવાળો તેમને મૂકવા આવવાતૈયાર થયો. સરસાઇ ગામે પહોંચી તેમણે છકડાવાળાને સામાવાળાનું સરનામું પૂછતાં તેણે જવાબ આપ્યો કે, તમે પહેલાં જણાવ્યું હોત તો હું અહીં તમને લઇને આવત નહીં. ગામમાં પણ કોઇ ઇલાબહેનના સાસરિયાંનું ઘર બતાવવા રાજી ન હતું. ગામની એક નાની દિકરીએ ઘર બતાવતાં ઇલાબહેનના જેઠે ન્યાય સમિતિના બહેનો જુએ તેમ તે છોકરીને મારી. તેઓ ખૂબ જ પીધેલી હાલતમાં હતા.મહા મુસીબતે તેમને સમજાવી પટાવીને તથા કાયદાકાનૂનનો ડર બતાવી તેમને ન્યાય સમિતિની ઓફિસે લાવ્યાં. ઓફિસમાં ઇલાબહેનની શરત મુજબનું તેમની પાસે સમાધાન કરાવ્યું કે, જો જમીન બહેનના સાસરિયાંને વાવવી હોય તો તેઓએ એક વિઘાના ૧૧૦૦ – રૂ. લેખે ૩પ વિઘાના ૩૮પ000 રૂપિયા દર વર્ષે ઇલાબહેનને આપવા પડશે અને પછીના વર્ષોથી વિઘે રૂ.૧૦૦ નો વધારો આપવો પડશે. જે શરત સામાવાળાએ મંજૂર રાખી. પહેલાં બહેનના પતિએ દેનાબેંકનું રૂ.૭૪000 – નું દેવું કર્યુ હતું. જે દેવાના બાકી પેટે રૂ.૨0000 – બેંકમાં ભર્યાની પહોંચ અને બાકીના રૂ.૧૮પ00 – રોકડા બહેનને ન્યાય સમિતિની ઓફિસમાં તેમના સાસરિયા દ્વારા ચૂકવવામાં આવ્યાં. આમ બહેનને સમાધાનના ચુકવણારૂપે પ્રથમ વર્ષના રૂ.૩૮પ00 –મળ્યા.

આમ બહેનની જીંદગી પણ જોખમમાં ન મૂકાય અને ઘર બેઠા રૂપિયા મળી રહે તેવી ગોઠવણ ન્યાય સમિતિ રાજુલાએ કરી આપી અને બહેન અને તેના બાળકો સન્માનપૂર્વક જીવી શકે તેની વ્યવસ્થા પણ કરી આપી. આ કેસમાં બહેનના દ્રઢ આત્મવિશ્વાસને કારણે તેમની જીત થઇ. બહેનનું માનવું હતું કે, ભલે ગમે તે થઇ જાય પણ હકની લડાઇ લડીને રહીશ અને હક મેળવીને જ જંપીશ જેથી બીજી બહેનોને પણ આ ઉપરથી પ્રેરણા મળે.

સંકલન : શ્રી. જીતેન્દ્રભાઇ મારૂ– ઉત્થાન, રાજુલા

---

: શ્રી અનિલભાઇ શાહને શ્રધ્ધાંજલિ :

"ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર" ના સ્થાપક અને અધ્યક્ષ શ્રી અનિલભાઇ સી. શાહનું અવસાન થયું. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એ જ અભ્યર્થના.

## ઉત્થાન સમાચાર

ઉત્થાન-ટીમ અને ગામના લીડરો માટે બેંગ્લોરની અર્ઘયમ અને મૈસુરની માયરાડા સંસ્થામાં ઇકો સેનીટેશન અને માઇક્રોફાઇનાન્સ, રેઇનવોટર હાર્વેસ્ટીંગ સંદર્ભે તા. ૩૧-૫-૦૭ થી ૧૦-૬-૦૭ સુધી પ્રેરણા પ્રવાસ આયોજિત કરવામાં આવ્યો.
ઉત્થાન લોક શિક્ષણ કેન્દ્ર, ( પાણી અને સ્વચ્છતા)એ 'પ્રવાહ' સાથે મળી તા. ૧૩-૧૪ જુન ૨૦૦૭ એમ બે દિવસ દરમિયાન તળાજા, મહુવામાં પાણી સમિતિનું સંમેલન યોજયું.
ઉત્થાન લોક શિક્ષણ કેન્દ્ર (દરિયાઇ)- રાજુલા દ્વારા તા. ૧૯ ૪ ૦૭ ના રોજ મહિલા વિકાસ સંગઠનની વાર્ષિક સાધારણ સભા યોજાઇ.
તા. ૧૭-૪-૦૭ ના રોજ કલેક્ટરશ્રીને ઘરેલૂ હિંસા,૨૦૦૫ અધિનિયમ અંતર્ગત સમર્થન મહિલા મહાસંઘ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું.
પીસ એન્ડ જસ્ટીસ થ્રુ કોન્ફલીક્ટ ટ્રાન્સફરમેશન- ભાવનગર દ્વારા તા. ૧૫-૪-૦૭ ના રોજ યુવા તાલીમ કરવામાં આવી.
જેન્ડર કાર્યક્રમ (ઉત્થાન, ભાવનગર) દ્વારા જમીન માલિકી અંતર્ગત ૧૫ ગામોમાં વિડિયો શો કરવામાં આવ્યો અને વિસ્તાર કક્ષાએ અકવાડા અને કોબડીમાં મીટીંગો રાખવામાં આવી હતી.
અણુ ઉર્જા મથકના વિરોધમાં જસપરામાં સંમેલન કરવામાં આવ્યું અને પાંચ ગામોના ભાઇઓ-બહેનોની મીટીંગ યોજી કમિટીની રચના કરવામાં આવી.
ભૂતેશ્વર વોટરશેડ કમિટીના જસુબહેન પોતાની રીતે દ તરમાં મંત્રીની જવાબદારી સંભાળે છે.

## સરળતાથી ઘરબેઠાં વિવિધ ખાતાંઓની માહિતી મેળવવા માટેની વેબ-સાઇટની યાદી

- કૃષિ વિભાગ
- http://agri.gujarat.gov.in
- સહકાર વિભાગ
- http://coop.gujarat.gov.in
- શિક્ષણ વિભાગ
- http://gujarat-education.gov.in
- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ
- http://guj-epd.gov.in
- નાણા વિભાગ
- http://financedepartment.gujarat.gov.in
- અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોનો વિભાગ
- http://fcsncad.gujarat.gov.in
- વન અને પર્યાવરણ વિભાગ
- http://gujenvfor.gswan.gov.in
- સામાન્ય વહીવટ વિભાગ
- http://gad.gujarat.gov.in
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
- http://gujhealth.gov.in
- ગૃહ વિભાગ
- http://gujhome.gujarat.gov.in
- ઉદ્યોગ અને ખાણ વિભાગ
- http://imd.gujarat.gov.in
- માહિતી વિભાગ
- http://gujaratinformation.net
- શ્રમ અને રોજગાર વિભાગ
- http://labourandemployment.gov.in
- કાયદા વિભાગ
- http://gujlegal.gov.in/english/index.htm
- વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
- http://ipd.gujarat.gov.in
- નર્મદા અને જળસંપત્તિ વિભાગ
- http://guj-nwrws.gswan.gov.in
- પંચાયત ગ્રામ ગૃહનિર્માણ વિભાગ
- http://panchayat.gujarat.gov.in
- બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ
- http://fisheries.gujarat.gov.in
- મહેસૂલ વિભાગ
- http://revenuedepartment.gujarat.gov.in
- માર્ગ અને મકાન વિભાગ
- http://rnb.gujarat.org
- ગ્રામ વિકાસ વિભાગ
- http://ruraldev.gujarat.gov.in
- વિ ાન અને પ્રોદ્યોગિકી વિભાગ
- http://dst.gujarat.gov.in
- સામાજિક ન્યાય અને અધિકારિકતા વિભાગ
- http://sje.gujarat.gov.in/gujarati/default.him
- રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ
- http://sycd.gov.in
- આદિજાતિ વિકાસ વિભાગ
- http://guj-tribaldevelopment.gov.in
- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

નીચે આપેલા કોઠા માંથી મહાન(ક્રાંતિકારીઓ સહિત વ્યક્તિઓના નામ શોધો. કુલ – ૨૨

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બુ | શા | હ | જી | રા | સ | ર | દા | ર | ભી |
| બા | બુ | જ | ગ | જી | વ | ન | રા | મ | મ |
| ષ | નો | ગાં | ધી | વં | ત | જી | મ | ચં | રા |
| ભા | સુ | વિ | રા | જે | ન્દ્ર | બા | હિ | ડા | વ |
| સુ | ખ | રા | મ | પ્ર | સા | દ | આ | દા | આં |
| રૂ | દે | વ | સા | રા | ફુ | સા | ઝા | દા | બે |
| હે | વ | દ | વ | ધા | વ | લ્લ | દ | ભા | ડ |
| ન | ની | લા | પ | કે | લા | લ | ચા | ઇ | ક |
| ગો | પા | લ | ક | ષ્ણ | ગો | ખ | લે | ક્રો | ર |
| મ | દ | ન | મો | હ | ન | મા | લ | વિ | યા |

પ્રવિણભાઇ સરવૈયા – લોકશિક્ષણ કેન્દ્ર દરિયાઇ
જવાબ આવતા અંકે

ગયા અંકના જવાબ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક | પ | ચ | લી | રી | સી | સ | ચ |
| છ | જ | થ | જા | ચા | ટ | ઠ | ખ |
| બી | ક્રા | ડ | રી | ઠ | મિ | ણ | ત |
| બ | મ | હુ | થ | ઘ | મ | ર | ડી |
| બ્લુ | મ | ગુ | ચ | ક્ષ | લી | મ | ક |
| ગુ | મ | પી | હિ | પી | બ | ર | હ |
| ડા | વ | ટા | ઇ | ક્ષ | ઈ | ડ | શ |
| ઓ | કા | રી | ઉ | ણી | યા | કિ | મ |

રીટા ચપલા – પી.એલ.સી.વોટસેન

સંપાદક ટુકડી :
પ્રવિણ ભીકડીયા, સંગીતા પટેલ, રીટા ચપલા, દીપ્તિ અંધારીયા

સંકલન ટીમ :
મુસ્તાક ડેરૈયા, ભાવના નિમાવત, અલ્પેશ રાજ્યગુરૂ

પ્રકાશક : ઉત્થાન
લોક શિક્ષણ કેન્દ્ર – પાણી અને સ્વચ્છતા
(પી.એલ.સી.વોટસેન)
સી-૧૧૫૭, મનુરાજા ચમારડી વાળા,
એસ.બી.એસ. સામે,
કાળીયાબીડ, ભાવનગર – ૩૬૪૦૦૨.
ફોન ફેક્સ : ૦૨૭૮-૨૫૭૩૦૯૧
e-mail : plc_watsan@rediffmail.com
visit us on : www.plcwatsanutthan.org